**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૫/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૫૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૨૨ લીટર દેશી દારૂ, ૫૭૮ બોટલ ઇગ્લીશદારૂ, ૫૯૦ બિયરટીન, ૪ ઓટોરીક્ષા અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૬૦/૧૫**

**રામોલ :** સંજય ઉર્ફે મેબલો રમેશસીંગ ભદોરીયા (રહે.મ.નં.એ/૪૦૩ આકૃતિ એપાર્ટમેન્ટ, રંગોલીનગર પાસે, નારોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૫/૧૫ સવારનાં ૮/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના મોટા ભાઇ સુભાષસિંગ ઉર્ફે પિન્ટુ (ઉ.વ.૩૧) (રહે.બ્લોક નં.૧૯, શહેરી ગરીબ આવાસ યોજના, ન્યુ મણીનગર, રામોલ) નાને કોઇ અજાણી વ્યક્તિએ પોતાના ઘરે ધાબા ઉપર કોઇ અગમ્ય કારણોસર માથાના પાછળનાં ભાગે તથા નાક ઉપર બોથડ પદાર્થ અથવા તીક્ષ્ણ હથીયાર વડે ઇજાઓ કરી, સુભાષસિંગનું મૃત્યુ નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૬૧/૧૫**

**સરખેજ :** સાણંદ ખાતે રહેતી ૧૨ વર્ષની તરૂણીએ તા.૨૫/૫/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે ચારેક માસ અગાઉથી આજદીન સુધી આરોપી રમેશભાઇ દલનાથ યોગી (ઉ.વ.૩૪)(રહે.મન મંદિર રૉ હાઉસ, નગરપાલીકા સામે, વેજલપુર) એ તરૂણીને, તેની દાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, તરૂણીને વેજલપુર, મકરબા ચાર રસ્તા ખાતેના ગોડાઉનમાં તેમજ અલગ-અલગ જગ્યાએ લઇ જઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર-નવાર શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈશ્રી વી.એન.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૨/૧૫</u>**

**સેટેલાઇટ :** હર્ષદભાઇ વ્રજલાલ સોની (રહે : ગોકુલ બંગ્લોઝ, અપંગ મંડળની પાછળ, સેટેલાઇટ) એ તા.૨૫/૫/૧૫ નાં કલાક ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મારૂતી વેગનઆર કાર નંબર જીજે.૦૧.એચ.એસ.૧૫૧૯ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૪૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ હર્ષદભાઇ સોનીએ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૩/૧૫</u>**

**ગોમતીપુર :** ઉમેશભાઇ મુકુન્દરાય શાહ (રહે. ગુ.હા.બોર્ડ, રાયપુરમીલ પાસે, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના ભાઇ પ્રજ્ઞેશભાઇ મુકુન્દરાય શાહ (ઉ.વ.૪૫) નાઓ તા.૨૫/૫/૧૫ સવારનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ગોમતીપુર છત્રીસ ઓરડી સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અજાણ્યા ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, પ્રજ્ઞેશભાઇને ટક્કર મારતાં, તેમને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.ધાધલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૪/૧૫</u>**

**ઘાટલોડીયા :** વિજયભાઇ હસમુખભાઇ શાહ (ઉ.વ.૪૬)(રહે.ગોકુલ ફ્લેટ રો હાઉસ, સમર્થન સોસાયટીની સામે, મેમનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૫/૫/૧૫ ના કલાક ૫/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સિલીંગનાં હુકમાં નાયનોલની રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ કુબાભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)